**Signature and Name of Invigilator**

1. (Signature) ____________________

   (Name) ____________________

2. (Signature) ____________________

   (Name) ____________________

**Answer Sheet No. :** ..............................................

(To be filled by the Candidate)

**Roll No.** | | | | | | | | |

(In figures as per admission card)

**Roll No.** ____________________

(In words)

**Test Booklet No.**

**J – 3707**

**PAPER – II**

# GUJARATI

**Time : 1¼ hours]** **[Maximum Marks : 100**

Number of Pages in this Booklet : **16** Number of Questions in this Booklet : **50**

## Instructions for the Candidates

1. Write your roll number in the space provided on the top of this page.
2. This paper consists of fifty multiple-choice type of questions.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (ii) **Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the question booklet will be replaced nor any extra time will be given.**
   (iii) After this verification is over, the Serial No. of the booklet should be entered in the Answer-sheets and the Serial No. of Answer Sheet should be entered on this Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.

   **Example :** (A) (B) ⬤ (D)

   where (C) is the correct response.
5. Your responses to the items are to be indicated in the Answer Sheet given **inside the Paper I booklet only**. If you mark at any place other than in the ovals in the Answer Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your name or put any mark on any part of the test booklet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, you will render yourself liable to disqualification.
9. You have to return the test question booklet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall.
10. **Use only Blue/Black Ball point pen.**
11. **Use of any calculator or log table etc., is prohibited.**
12. **There is NO negative marking.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. पहले पृष्ठ के ऊपर नियत स्थान पर अपना रोल नम्बर लिखिए।
2. इस प्रश्न-पत्र में पचास बहुविकल्पीय प्रश्न हैं।
3. परीक्षा प्रारम्भ होने पर, प्रश्न-पुस्तिका आपको दे दी जायेगी। पहले पाँच मिनट आपको प्रश्न-पुस्तिका खोलने तथा उसकी निम्नलिखित जाँच के लिए दिये जायेंगे जिसकी जाँच आपको अवश्य करनी है :
   (i) प्रश्न-पुस्तिका खोलने के लिए उसके कवर पेज पर लगी कागज की सील को फाड़ लें। खुली हुई या बिना स्टीकर-सील की पुस्तिका स्वीकार न करें।
   (ii) **कवर पृष्ठ पर छपे निर्देशानुसार प्रश्न-पुस्तिका के पृष्ठ तथा प्रश्नों की संख्या को अच्छी तरह चैक कर लें कि ये पूरे हैं। दोषपूर्ण पुस्तिका जिनमें पृष्ठ/प्रश्न कम हों या दुबारा आ गये हों या सीरियल में न हों अर्थात किसी भी प्रकार की त्रुटिपूर्ण पुस्तिका स्वीकार न करें तथा उसी समय उसे लौटाकर उसके स्थान पर दूसरी सही प्रश्न-पुस्तिका ले लें। इसके लिए आपको पाँच मिनट दिये जायेंगे। उसके बाद न तो आपकी प्रश्न-पुस्तिका वापस ली जायेगी और न ही आपको अतिरिक्त समय दिया जायेगा।**
   (iii) इस जाँच के बाद प्रश्न-पुस्तिका की क्रम संख्या उत्तर-पत्रक पर अंकित करें और उत्तर-पत्रक की क्रम संख्या इस प्रश्न-पुस्तिका पर अंकित कर दें।
4. प्रत्येक प्रश्न के लिए चार उत्तर विकल्प (A), (B), (C) तथा (D) दिये गये हैं। आपको सही उत्तर के दीर्घवृत्त को पेन से भरकर काला करना है जैसा कि नीचे दिखाया गया है।

   **उदाहरण :** (A) (B) ⬤ (D)

   जबकि (C) सही उत्तर है।
5. प्रश्नों के उत्तर **केवल प्रश्न पत्र I के अन्दर दिये गये** उत्तर-पत्रक पर ही अंकित करने हैं। यदि आप उत्तर पत्रक पर दिये गये दीर्घवृत्त के अलावा किसी अन्य स्थान पर उत्तर चिन्हांकित करते है, तो उसका मूल्यांकन नहीं होगा।
6. अन्दर दिये गये निर्देशों को ध्यानपूर्वक पढ़ें।
7. कच्चा काम (Rough Work) इस पुस्तिका के अन्तिम पृष्ठ पर करें।
8. यदि आप उत्तर-पुस्तिका पर अपना नाम या ऐसा कोई भी निशान जिससे आपकी पहचान हो सके, किसी भी भाग पर दर्शाते या अंकित करते हैं तो परीक्षा के लिये अयोग्य घोषित कर दिये जायेंगे।
9. आपको परीक्षा समाप्त होने पर उत्तर-पुस्तिका निरीक्षक महोदय को लौटाना आवश्यक है और परीक्षा समाप्ति के बाद अपने साथ परीक्षा भवन से बाहर न लेकर जायें।
10. **केवल नीले/काले बाल प्वाईंट पैन का ही इस्तेमाल करें।**
11. **किसी भी प्रकार का संगणक ( कैलकुलेटर ) या लाग टेबल आदि का प्रयोग वर्जित है।**
12. **गलत उत्तर के लिए अंक नहीं काटे जायेंगे।**

# GUJARATI

## PAPER – II

**Note :** This paper contains **fifty** (50) multiple-choice questions, each question carrying **two** (2) marks. Mark the correct response in the answer-sheet. All questions are **compulsory**.

**સૂચના :** આ પ્રશ્નપત્રમાં પચાસ (50) વૈકલ્પિક પ્રશ્નો છે. ઉત્તરવહીમાં સાચા ઉત્તર માટે નિશાન કરો. તમામ પ્રશ્નો ફરજિયાત છે.

1. 'અંધારાના પ્રલયજલથી યામિની પૂર્ણ ઘોર' : પંક્તિમાં પ્રયોજેલ અલંકાર દર્શાવો.

(A) સજીવારોપણ (B) રૂપક

(C) ઉપમા (D) અન્વય

2. 'રૂપસુંદરકથા' કૃતિનો સાહિત્યપ્રકાર કયો છે ?

(A) પદ્યવાર્તા (B) ફાગુ

(C) પ્રબંધ (D) રાસ

3. 'નેમિનાથ ફાગુ' કૃતિના કર્તા કોણ છે?

(A) સોમસુંદર સૂરિ (B) માણિક્ય સૂરિ

(C) જયશેખર સૂરિ (D) માંડણ

4. ગુજરાતી સોનેટ કાવ્યના પિતા તરીકે કોનું નામ જાણીતું છે?

(A) ન્હાનાલાલ (B) કાન્ત

(C) મણિલાલ નભુભાઈ (D) બ.ક. ઠાકોર

5. 'વાસૂકિ' ઉપનામ કયા સર્જકનું છે?

(A) ઉમાશંકર જોશી (B) સુન્દરમ્

(C) રા.વિ. પાઠક (D) ન્હાનાલાલ

6. કોણ વાર્તાકાર નથી?

(A) મેઘાણી (B) ચં.ચી. મહેતા

(C) મણિલાલ દ્વિવેદી (D) બ.ક.ઠાકોર

7. રીતિ વિચારના પ્રણેતા કોણ છે?

(A) વામન (B) મમ્મટ

(C) ક્ષેમેન્દ્ર (D) કુંતક

8. `અંતઃ સ્ફુરણા' ને કળા તરીકે ઓળખાવનાર કળા વિવેચક કોણ છે?

(A) ટી.એસ. એલિયટ (B) ક્રોચે

(C) એરિસ્ટોટલ (D) કોલરિજ

9. 'ઘરજમાઈ' કયો સમાસ છે?

(A) સંબંધ તત્પુરુષ (B) કર્મધારય

(C) મધ્યમપદલોપી (D) દ્વંદ્વ

10. કઈ રચના અક્ષરમેળ વૃત્તમાં છે?

(A) મોગરો (B) જય જય ગરવી ગુજરાત

(C) ઊંટ કહે (D) આપની યાદી

11. કયા બે સર્જકોએ નવલકથા અને વાર્તા બંને લખ્યાં છે?

(1) રા. વિ. પાઠક

(2) સુન્દરમ્

(3) પન્નાલાલ પટેલ

(4) ક.મા. મુનશી

(A) 3 અને 4 (B) 1 અને 3

(C) 1 અને 2 (D) 2 અને 3

12. સાહિત્યિક પત્રકારત્વ સાથે અત્યારે સંકળાયેલા હોય એવા બે સાહિત્યકારોના નામ દર્શાવો:

(1) રમણ સોની

(2) રતિલાલ `અનિલ'

(3) વિજય શાસ્ત્રી

(4) રઘુવીર ચૌધરી

(A) 2 અને 3 (B) 2 અને 4

(C) 1 અને 3 (D) 1 અને 2

13. લોકસાહિત્યક્ષેત્રે કામ કરનારા બે સંશોધકો કયા છે?

(1) શાંતિભાઈ આચાર્ય

(2) કનુભાઈ જાની

(3) પ્રમોદકુમાર પટેલ

(4) જયંત ગાડીત

(A) 3 અને 4 (B) 1 અને 2

(C) 2 અને 3 (D) 1 અને 4

14. આ બે નાટકો આધુનિક છે :

(1) કેમ, મકનજી ક્યાં ચાલ્યા?

(2) પારખું

(3) પડઘા

(4) ચર્ચબેલ

(A) 1 અને 2 (B) 2 અને 3

(C) 1 અને 4 (D) 3 અને 4

15. કયા બે સર્જકોએ નિબંધ અને સ્મૃતિકથા લખ્યાં છે?

(1) ઉશનસ

(2) યજ્ઞેશ દવે

(3) જયન્ત પાઠક

(4) ચન્દ્રકાન્ત શેઠ

(A) 1 અને 3 (B) 2 અને 3

(C) 3 અને 1 (D) 3 અને 4

16. કયાં બે સ્વરૂપો લગ્નગીત સાથે સંકળાયેલા છે?

(1) ફટાણાં

(2) મરસિયાં

(3) ખાયણાં

(4) ગૌરી ગીતો

(A) 1 અને 3 (B) 1 અને 2

(C) 2 અને 3 (D) 3 અને 4

17. સંસ્કૃત મીમાંસામાં કયા બે વિદ્વાનોનું અર્પણ છે?

(1) શ્રી શંકુક

(2) આચાર્ય ક્ષેમેન્દ્ર

(3) મલ્લિનાથ

(4) સાયણાચાર્ય

(A) 3 અને 1 (B) 1 અને 2

(C) 2 અને 3 (D) 1 અને 4

18. કયા બે સર્જકો ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ નથી થયા?

(1) જયંત કોઠારી

(2) ભોળાભાઈ પટેલ

(3) રઘુવીર ચૌધરી

(4) વિનોદ ભટ્ટ

(A) 2 અને 3 (B) 2 અને 4

(C) 3 અને 1 (D) 1 અને 2

19. **માહિતી (અ) :** ભાષાના સંકેતો પ્રતીકાત્મક અને સંઘટનાત્મક છે.

**માહિતી (બ) :** પ્રાણીઓના સંકેતો સાહજિક અર્થાત અભિવ્યંજનાત્મક છે.

(A) અ સાચું છે બ ખોટું છે. (B) અ અને બ બંને સાચા છે.

(C) અ અને બ બંને ખોટા છે. (D) અ ખોટું છે બ સાચું છે.

20. **માહિતી (અ) :** ‘મૃગ’ અર્થસંકોચનું દૃષ્ટાંત નથી.

**(બ) :** ‘મહારાજ’ અર્થવિસ્તારનું દૃષ્ટાંત છે.

(A) અ અને બ બંને સાચા છે.
(B) અ અને બ બંને ખોટાં છે.
(C) અ ખોટું છે પણ બ સાચું છે.
(D) બ ખોટું છે પણ અ સાચું છે.

21. **માહિતી (અ) :** નગરચેતના એ આધુનિકતાની જનની છે

**(બ) :** આધુનિકતા કેવળ સમયવાચક સંજ્ઞા નથી, ગુણવાચક પણ છે.

(A) અ અને બ બંને સાચા છે.
(B) બ સાચું છે અ ખોટું છે.
(C) અ અને બ બંને ખોટા છે.
(D) બ ખોટું છે અ સાચું છે.

22. આપેલા વાક્યોની માહિતી જોતાં સંપૂર્ણપણે સાચું બનતું યુગ્મ કયું?
(A) અખો જ્ઞાનમાર્ગી કવિ છે; તેણે આખ્યાનો પણ લખ્યાં છે.
(B) અખાએ છપ્પા પણ લખ્યા છે; તે જ્ઞાનમાર્ગી કવિ છે.
(C) અખાએ અખેગીતા લખી છે; તે પ્રેમલક્ષણાભક્તિ માર્ગનો કવિ છે.
(D) અખો પ્રેમાનંદનો પુરોગામી છે પણ દયારામનો અનુગામી છે.

23. આપેલાં વાકયોની માહિતી જોતાં સંપૂર્ણપણે સાચું યુગ્મ કયું?
(A) સિતાંશુ યશચન્દ્ર આધુનિક કવિ છે; તેમણે વાર્તાઓ પણ લખી છે.
(B) સિતાંશુ યશચન્દ્ર નવલકથાકાર છે; તેમણે નાટકો લખ્યાં છે.
(C) સિતાંશુ યશચન્દ્ર વિવેચક છે; તેમણે અતિવાસ્તવવાદી કવિતા લખી છે.
(D) સિતાંશુ યશચન્દ્ર એકાંકીકાર છે; તેમણે લલિત નિબંધો લખ્યા છે.

24. આપેલાં વાક્યોની માહિતી જોતાં સંપૂર્ણપણે સાચું યુગ્મ કયું?
(A) ટી.એસ. એલિયટ સ્કોલર પોએટ હતા; તેમણે કવિતાના ત્રણ સ્વરની વાત કરી છે.
(B) ટી.એસ. એલિયટ વિવેચક હતા; તે પરંપરાવાદી હતા.
(C) ટી.એસ. એલિયટે વસ્તુગત સહસમ્બન્ધકનો વિચાર મૂકયો; તેમણે કવિ મિલ્ટનનાં વખાણ કર્યાં.
(D) ટી.એસ. એલિયટે કવિતાને જીવનની સમીક્ષા માનતા હતા; તેમણે મેટાફિઝિકલ કવિઓને પ્રકાશમાં આણ્યા.

25. સર્વથા સુસંગત વિગતજૂથ કયું છે?

(A) આધુનિકકાળ-પદ્યવાર્તા- ચિનુ મોદી

(B) અર્વાચીનકાળ-આખ્યાન- પ્રેમાનંદ

(C) ગાંધીયુગ-પ્રબન્ધકાવ્યો-કાન્ત

(D) મધ્યકાળ-ભવાઈ-અસાઈત ઠાકર

26. સર્વથા સુસંગત વિગતજૂથ કયું છે?

(A) ચન્દ્રકાન્ત બક્ષી-ફાર્બસવિરહ - પેરેલિસિસ

(B) ચન્દ્રકાન્ત બક્ષી-એક સાંજની મુલાકાત-જાતકકથા

(C) ચન્દ્રકાન્ત બક્ષી-બક્ષીનામા-સુખદુ:ખનાં સાથી

(D) ચન્દ્રકાન્ત બક્ષી-જાલકા-આકાર

27. સર્વથા વિસંગત વિગતજૂથ કયું?

(A) સુન્દરમ્-વાર્તાકાર-ચિંતક

(B) સુન્દરમ્-નિબંધકાર-કવિ

(C) સુન્દરમ્-નવલકથાકાર-ભાષાશાસ્ત્રી

(D) સુન્દરમ્-વિવેચક-દક્ષિણાયન

28. સર્વથા વિસંગત વિગતજૂથ કયું?

(A) સૌંદર્યરાગી કવિતા-ભાવપ્રતીકો-ઈન્દ્રિયગ્રાહ્યતા

(B) ગાંધીયુગની કવિતા-દલિતપ્રેમ-વાસ્તવ બોધ

(C) પંડિતયુગની કવિતા-વિચારપ્રધાન-તત્સમપદાવલિ

(D) આધુનિક કવિતા-પરંપરા-ગાંધીમૂલ્યો

29. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જોડકું કયું છે તે કહો-

| યાદી - 1 | | યાદી - 2 | |
|---|---|---|---|
| (અ) | ઝેરતો પીધાં છે જાણી જાણી | (1) | ગોપાળબાપા |
| (બ) | સત્યકામ | (2) | નાયક |
| (ક) | પ્રથમ ભાગનું પ્રથમ પ્રકરણ | (3) | રોહિણી |
| (ડ) | નાયિકા | (4) | દર્શક |

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (A) | 4 | 2 | 1 | 3 |
| (B) | 1 | 3 | 2 | 4 |
| (C) | 2 | 3 | 4 | 1 |
| (D) | 3 | 4 | 2 | 1 |

30. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જોડકું કયું છે તે કહો.

| યાદી - 1 | | યાદી - 2 | |
|---|---|---|---|
| (અ) | ગૃહ પ્રવેશ | (1) | કાવ્ય સંગ્રહ |
| (બ) | પરકીયા | (2) | મરણોત્તર |
| (ક) | લઘુનવલ | (3) | અનુદિત કાવ્યો |
| (ડ) | તથાપિ | (4) | વાર્તાસંગ્રહ |

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 4 | 3 | 2 | 1 |
| (C) | 2 | 4 | 1 | 3 |
| (D) | 1 | 3 | 4 | 2 |

31. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જોડકું કયું છે તે કહો.

| | યાદી - 1 | | યાદી - 2 |
|---|---|---|---|
| (અ) | પરબ | 1. | મણિલાલ નભુભાઈ |
| (બ) | બુદ્ધિપ્રકાશ | 2. | રમણભાઈ નીલકંઠ |
| (ક) | પ્રિયંવદા | 3. | ગુજરાતી સાહિત્ય પરિષદ |
| (ડ) | જ્ઞાનસુધા | 4. | ગુજરાત વિધાનસભા |

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (A) | 3 | 1 | 2 | 4 |
| (B) | 4 | 2 | 1 | 3 |
| (C) | 3 | 4 | 1 | 2 |
| (D) | 1 | 2 | 3 | 4 |

32. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જોડકું કયું છે તે કહો.

| | યાદી - 1 | | યાદી - 2 |
|---|---|---|---|
| (અ) | શયદા | 1. | સુધારક યુગ |
| (બ) | વેનચરિત | 2. | ન્હાનાલાલ |
| (ક) | થોડા આંસુ થોડા ફૂલ | 3. | હરજી લવજી દામાણી |
| (ડ) | પ્રેમભક્તિ | 4. | જયશંકર સુંદરી |

| | અ | બ | ક | ડ |
|---|---|---|---|---|
| (A) | 4 | 3 | 1 | 2 |
| (B) | 2 | 4 | 3 | 1 |
| (C) | 1 | 2 | 3 | 4 |
| (D) | 3 | 1 | 4 | 2 |

33. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જોડકું કયું છે તે કહો.

| | **યાદી - 1** | | **યાદી - 2** |
|---|---|---|---|
| (અ) | સરસ્વતી ચંદ્ર ભાગ-1 | 1. | 1885 |
| (બ) | ક્લાન્ત કવિ | 2. | 1946 |
| (ક) | સત્યના પ્રયોગો | 3. | 1887 |
| (ડ) | અર્વાચીન કવિતા | 4. | 1926 |

| | **અ** | **બ** | **ક** | **ડ** |
|---|---|---|---|---|
| (A) | 2 | 4 | 1 | 3 |
| (B) | 4 | 3 | 2 | 1 |
| (C) | 3 | 1 | 4 | 2 |
| (D) | 1 | 2 | 3 | 4 |

34. બંને યાદીઓની વિગતો સરખાવીને ખરું જોડકું કયું છે તે કહો.

| | **યાદી - 1** | | **યાદી - 2** |
|---|---|---|---|
| (અ) | ગજાનન | 1. | રૂપક |
| (બ) | માથાબોળ | 2. | દ્વન્દ્વ |
| (ક) | જીવનનૌકા | 3. | ઉપપદ |
| (ડી) | ઊંચાનીંચા | 4. | બહુવ્રીહી |

| | **અ** | **બ** | **ક** | **ડ** |
|---|---|---|---|---|
| (A) | 3 | 4 | 2 | 1 |
| (B) | 4 | 3 | 1 | 2 |
| (C) | 1 | 2 | 3 | 4 |
| (D) | 2 | 1 | 4 | 3 |

35. કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે?

(A) ભામહ, ભરત, મમ્મટ, આનંદવર્ધન

(B) આનંદવર્ધન, મમ્મટ, ભામહ, ભરત

(C) ભરત, ભામહ, આનંદવર્ધન, મમ્મટ

(D) મમ્મટ, આનંદવર્ધન, ભરત, ભામહ

36. કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે?

(A) કયાં?, ધ્વનિ, છંદોલય, બારીબહાર

(B) છંદોલય, ધ્વનિ, બારીબહાર, કયાં?

(C) ધ્વનિ, છંદોલય, કયાં? બારીબહાર

(D) બારીબહાર, છંદોલય, ધ્વનિ, કયાં?

37. કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે?

(A) પાટણની પ્રભુતા, ગ્રામલક્ષ્મી, વળામણાં, ધીમું અને વિભા

(B) ધીમું અને વિભા, ગ્રામલક્ષ્મી, વળામણાં, પાટણની પ્રભુતા

(C) ગ્રામલક્ષ્મી, ધીમુ અને વિભા, પાટણની પ્રભુતા, વળામણાં

(D) વળામણાં, પાટણની પ્રભુતા, ધીમુ અને વિભા, ગ્રામલક્ષ્મી

38. કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે?

(A) રાઈનો પર્વત, ગુલાબ, વીરમતિ, કાન્તા

(B) ગુલાબ, વીરમતિ, કાન્તા, રાઈનો પર્વત

(C) વીરમતિ, કાન્તા, રાઈનો પર્વત, ગુલાબ

(D) કાન્તા, રાઈનો પર્વત, ગુલાબ, વીરમતિ

39. કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે?

(A) એસ્કિલીસ, શેકસપિયર, ગટે, ચેખોવ

(B) શેકસપિયર, ગટે, ચેખોવ, એસ્કેલીસ

(C) ગટે, ચેખોવ, એસ્કેલીસ, શેકસપિયર

(D) ચેખોવ, એસ્કેલીસ, ગટે, શેકસપિયર

40. કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે?

(A) વસંતોત્સવ, આરોહણ, વિશ્વશાંતિ, વસંતવિજય

(B) આરોહણ, વસંતોત્સવ, વસંતવિજય, વિશ્વશાંતિ

(C) વસંતવિજય, વસંતોત્સવ, આરોહણ, વિશ્વશાંતિ

(D) વિશ્વશાંતિ, વસંતોત્સવ, આરોહણ, વસંતવિજય

**41.** કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે?

(A) અંગત, ઝંઝા, વૃત્તિ અને વાર્તા, અશ્રુઘર

(B) વૃત્તિ અને વાર્તા, અંગત, અશ્રુઘર, ઝંઝા

(C) ઝંઝા, અશ્રુઘર, વૃત્તિ અને વાર્તા, અંગત

(D) અશ્રુઘર, ઝંઝા, અંગત, વૃત્તિ અને વાર્તા

**42.** કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે?

(A) દિગીશ મહેતા-પ્રવીણ દરજી-મણિલાલ હ. પટેલ-યજ્ઞેશ દવે

(B) યજ્ઞેશ દવે-દિગીશ મહેતા-મણિલાલ હ. પટેલ-પ્રવીણ દરજી

(C) મણિલાલ હ. પટેલ-પ્રવીણ દરજી-યજ્ઞેશ દવે-દિગીશ મહેતા

(D) પ્રવીણ દરજી-મણિલાલ હ. પટેલ-યજ્ઞેશ દવે-દિગીશ મહેતા

**43.** કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં નથી?

(A) પૂર્વાલાપ-વસુધા- વગડાનો શ્વાસ- સુનો ભાઈ સાધો

(B) નવલરામ-રમણભાઈ નીલકંઠ- સુંદરમ્-પ્રમોદકુમાર પટેલ

(C) પદ-સોનેટ- ખંડકાવ્ય- હાઈકુ

(D) તત્વમસિ, જનમટીપ, ભંદ્રભદ્ર, કરુણઘેલો

**44.** કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં નથી?

(A) નિબંધ, નવલકથા, નવલિકા, એકાંકી

(B) બક્ષીનામા, સત્યના પ્રયોગો, અડધે રસ્તે, મારી હકીકત

(C) હાસ્યમંદિર, અમે બધાં, વિનોદની નજરે, સંભવામિ યુગે યુગે

(D) ગંગોત્રી, વસંતવર્ષા, અભિઝા, સપ્તપદી

**નીચે આપેલો ગદ્યખંડ વાંચીને પૂછેલા પ્રશ્નોના ઉત્તરોમાંથી સાચા ઉત્તરનો ક્રમ દર્શાવો.**

દલપતરામની શબ્દાર્થ ચમત્કૃતિવાળી આ બોધક શૈલી ગુજરાતના કાવ્ય ઉપર ઘણા લાંબા વખત લગી પોતાની છાપ મૂકી જાય છે, અને `દલપતશાહી'નું સામ્રાજ્ય ઘણો કાળ એક ચક્વે પ્રવર્તે છે. ઘણા નાના કવિઓ દલપતના આશીર્વાદ મેળવી તેમને પગલે પગલે ચાલે છે, અને તેમની શૈલીમાં કૃતાર્થતા અનુભવે છે. પણ ગુજરાતી કવિતાની કૃતાર્થતા દલપતરીતિમાં અટકી રહેવાથી નથી એ વાતનો ખ્યાલ દલપતરામના જીવનકાળમાં જ જન્મે છે અને દલપતરીતિ કાવ્યની ઉત્તમ રીતિ તરીકેનુ સ્થાન જોતજોતામાં ગુમાવી બેસે છે. દલપતરીતિનો પ્રથમ વિરોધ નર્મદ તરફથી જ થાય છે અને આ `રરરા' ની નીતિ સામે તે `જોસ્સા'ની રીતિને વહેતી મૂકે છે. પરંતુ નર્મદ પણ એ જોસ્તાને કળારૂપ આપી શકતો નથી. અને તે પછીની કવિતા ઉપર તેમની માન્યતાની અસર પણ બહુ અલ્પ જ રહે છે. ગુજરાતી કવિતાને દલપતરીતિમાંથી નવી અને ઊંચી કોટિની રીતિમાં લઈ જવાનું કાર્ય દલપતરામના શિષ્ય બાલાશંકરને હાથે સિદ્ધ થાય છે અને દલપતરીતિની મર્યાદિત કળા સંપત્તિનો સાચો કયાસ બાલાશંકરના મિત્ર મણિલાલના હાથે આપણને મળે છે. મણિલાલ નર્મદ તરફના સાચા છતાં કંઈક ઊર્મિલ પક્ષપાતથી દલપત તરફ જરા કઠોર બને છે, છતાં દલપતરામના મૃત્યુ સાથે `દલપતશાહી'નો અંત આવ્યો છે, એ રીતનું તેમનું વિધાન સાવ ખોટું પણ નથી. લગભગ નિરક્ષર એવા સમાજને પોતાની અલ્પ છતાં પુરુષાર્થભરી સાક્ષરતાથી મુગ્ધ કરી અપૂર્વ લોકપ્રિયતા મેળવનાર દલપતરામની કવિતા હવેથી પ્રૌઢ સાક્ષરતાના જમાનામાં જીવંત રસવાહક તત્ત્વ તરીકે નહિ, પણ એક ઐતિહાસિક અવશેષ તરીકેનું સ્થાન મેળવવા લાગે છે.

**45.** દલપતશાહી કવિતાનું સામ્રાજ્ય લાંબા સમય સુધી એકચક્રી રહ્યું કારણ કે–

(A) દલપતરામની કવિતામાં વ્યંગ્યાર્થની ચમત્કૃતિ વિશેષ જોવા મળે છે.

(B) દલપતરામના સમયમાં ગુજરાતી ભાષામાં અન્ય કવિઓ બહુ સામાન્ય કવિતા લખતા હતા.

(C) દલપતરામ પોતાની કવિતામાં ઉપદેશ, શબ્દાર્થ ચમત્કૃતિનો સમન્વય કરી શકયા હતા.

(D) દલપતરામની કવિતા પંડિતો દ્વારા વંચાતી હતી.

46. ગુજરાતી કવિતાની સાર્થકતા શામાં રહેલી હતી?

(A) ગુજરાતી કવિતાની સાર્થકતા દલપતશૈલીને અતિક્રમી જવામાં રહેલી હતી.

(B) ગુજરાતી કવિતાની સાર્થકતા દલપતશૈલીનો વિસ્તાર કરવામાં હતી.

(C) ગુજરાતી કવિતાની સાર્થકતા દલપતશૈલીનો બહિષ્કાર કરવામાં હતી.

(D) ગુજરાતી કવિતાની સાર્થકતા મધ્યકાલીન ગુજરાતી કવિતાના અનુકરણમાં હતી.

47. દલપતરીતિનો વિરોધ નર્મદ કરે છે કારણ કે

(A) દલપતરામ સાથે નર્મદને અંગત અદાવત હતી.

(B) દલપતરીતિ કાવ્યનાં ઘટકોનો સાચો વિનિયોગ કરતી ન હતી.

(C) દલપતરામ જેવું છંદપ્રભુત્વ નર્મદમાં ન હતું.

(D) નર્મદને મન શબ્દચમત્કૃતિ કરતાં જોસ્સાનું મહત્વ વિશેષ હતું.

48. દલપતરામ કરતાં બાલાશંકર કવિ તરીકે વધુ સફળ રહયા કારણ કે-

(A) બાલાશંકરમાં શીઘ્રકવિતા રચવાની શક્તિ દલપતરામ કરતાં વિશેષ હતી.

(B) બાલાશંકર દલપતશૈલીમાં નવીન તત્ત્વો આણે છે અને દલપતશૈલીને વિશેષપણે સંસ્કારે છે.

(C) દલપત સંસ્કૃત કવિતા પાસે જતા નથી પણ બાલાશંકર સંસ્કૃત કવિઓના નમૂનાઓને અનુસરે છે.

(D) બાલાશંકરની કવિતામાં સંસ્કૃત અને ફારસી કવિતાનો પ્રભાવ જોવા મળે છે.

49. મણિલાલ નર્મદની કવિતાને દલપતરામની કવિતા કરતાં ચઢીયાતી માને છે કારણ કે-

(A) નર્મદે નવાં ઋતુકાવ્યો અને દેશપ્રેમનાં કાવ્યો રચ્યાં હતાં.

(B) નર્મદે પિંગળશાસ્ત્ર આત્મસાત્ કરવા ભારે પુરુષાર્થ આદર્યો હતો.

(C) નર્મદની કવિતા વિશેષ લોકપ્રિય અને મનોરંજક તત્ત્વો ધરાવતી હતી.

(D) મણિલાલ નર્મદ પ્રત્યે પૂર્વગ્રહયુક્ત આદર ધરાવતા હતા.

**50.** દલપતરામ એમના સમયમાં અસાધારણ લોકચાહના મેળવી શકયા હતા. કારણ કે-

(A) અભણ સમાજને દલપતરામે પોતાની કેળવણી વડે પ્રભાવિત કર્યો હતો.

(B) દલપતરામ નર્મદના પ્રતિસ્પર્ધી હતા.

(C) દલપતરામના સમયમાં પ્રજાની કાવ્યરુચિ બહુ ઊંચી હતી.

(D) દલપતરામની કવિતાનું વિવેચન પ્રશંસાયુક્ત ભાષામાં કરવામાં આવ્યું હતું.

- o 0 o -

**Space For Rough Work**